## જન્મદિને વધામણી



**હેમંત કે. પોપટ**
સભ્ય, જલારામ સેવા સમાજ



**ધવલ તુષાર ધનેશ્વર**
મો. ૯૪૨૬૪ ૫૯૨૬૬



**રાજ અરવિંદ ખાંટ**
મો. ૯૯૦૯૭ ૧૪૨૪૧

# ગાંધીનગરની વિદ્યાર્થિની આરડીસી માટે સિલેક્ટ

ગાંધીનગર, તા. ૨૯

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજનાં એનએસએસ યુનિટનાં સ્વયંસેવક પ્રિયંકા રમણલાલ પરમારનું દિલ્હી ખાતે યોજાઈ રહેલી રિપબ્લિક ડે પરેડ માટે સિલેક્શન થયું છે.



નાગપુર ખાતે યોજાયેલા પ્રિ આરડીસી કેમ્પને સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ પ્રિયંકાએ પોતાની પસંદગી આરડીસી માટે નિશ્ચિત કરી હતી. ઉલ્લેખનીય છે કે સમગ્ર ભારતમાંથી ૨૦૦ પ્રતિભાશાળી કેડેટ્સની પસંદગી આ પરેડ માટે થાય છે. ગુજરાતમાંથી ૪ યુવકો અને ૪ યુવતિઓની પસંદગી આ પરેડ માટે કરવામાં આવી છે, જે પૈકી પ્રિયંકા એક છે. ૩૧ ડિસેમ્બરથી ૩૧ જાન્યુઆરી સુધી દિલ્હી ખાતે આયોજિત કેમ્પમાં તે ભાગ લેશે.

પ્રિયંકાને સંપૂર્ણ માર્ગદર્શન કૉલેજના એનએસેસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવી દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું.

કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ કૉલેજ અને કડી સર્વ વિશ્વવિદ્યાલય પરિવાર વતી પ્રિયંકાને અભિનંદન પાઠવી કેમ્પ માટે શુભકામનાઓ પાઠવી છે.



તાજેતરમાં નડિયાદ ખાતે રાજ્યકક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં શ્રી પ્રબોધ પોપટલાલ રવચંદ શાહ હાઈસ્કૂલ, લીંબોદરાના વિદ્યાર્થી સંજય પોપટભાઈ દત્ત ચક્રફેંક સ્પર્ધામાં દ્વિતિય ક્રમે વિજેતા બન્યા હતા. શાળા તથા જિલ્લાનું નામ રોશન કરનારા આ વિજયી વિદ્યાર્થીને તાલીમ શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાત દ્વારા આપવામાં આવી હતી. આચાર્ય તેજસિંહ પરમાર દ્વારા સમગ્ર શાળા પરિવાર વતી સંજયને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# મહાત્માનાં અર્ધાંગિની

ડૉ. અરુણ મણિલાલ ગાંધી એ કસ્તૂરબા અને બાપુના પાંચમા પૌત્ર. તેમનો જન્મ ૧૪ એપ્રિલ, ૧૯૩૪માં દક્ષિણ આફ્રિકાના ફિનીક્સ આશ્રમમાં થયો હતો. માતા-પિતા સુશીલા અને મણીલાલે પોતાનાં સંતાનોને બાપુ-ચિંધ્યા માર્ગે ઉછેર્યાં હતાં.

બાળપણના અને તરુણાવસ્થાના ઘણી મહિના તેમણે બા-બાપુ સાથે વર્ધાના સેવાગ્રામ આશ્રમમાં ગાળ્યા હતા. દક્ષિણ આફ્રિકાનો રંગભેદ અને ત્યાંનું હિંસાથી ખદબદતું વાતાવરણ જોઈ, અરુણનું યુવાન લોહી ઉકળી ઉઠતું. બાએ તેને, તેના આક્રોશને વિધ્વંસક માર્ગે ન લઈ જતાં, પરિવર્તન માટેની શક્તિ બનાવતાં શીકવ્યું હતું.



કેટલોક સમય ભારતમાં ગ્રામીઓ માટે કામ કર્યા બાદ, અરુણ ગાંધી અને તેમનાં પત્ની સુનંદા, શાંતિ અને અહિંસાની વાત વિશ્વફલક પર મૂકવાનું સ્વપ્ન લઈ અમેરિકામાં સ્થિર થયા અને ૨૦૦૭માં સુનંદાએ ચિરવિદાય લીધી. શાંતિ અને અહિંસીનાં બીજ દૂર સુધી ફેલાવવા લાંબા પ્રવાસો કરતા રહેતા અરૂણ ગાંધી પોતાને 'શાંતિખેડૂત' (પીસ ફાર્મર) ગણાવતા હતા. પોતે એક દિવસ આ શાંતિનાં બીજ, હરિયાળો પાક માનવજાતને અર્પણ કરી શકશે એવી આશા રાખતા હતા.




તેમના કહેવા મુજબ, 'મોહનદાસ કરમચંદ ગાંધી'નું વ્યક્તિત્વ એવું વિરાટ હતું કે તેની નજીકનું બીજું કોઈ દેખાય નહીં. મારાં દાદી કસ્તૂરબા અને મારા પિતા મણીલાલ - આ બંનેએ મારા દાદા મહાત્મા ગાંધીના વિચારો અને વ્યક્તિત્વમાં પોતાને ઓગાળી દીધાં હતાં.

આધુનિક, પશ્ચિમી મૂલ્યોમાં માનનારાઓ મોહનદાસ પર આરોપ મૂકે છે કે એમની છાયામાં બીજા બધાંનો વિકાસ રુંધાઈ ગયો. પણ બાપુ પાસે મહાન ધ્યેય હતું, આદર્શો હતા, તેમની એક દૃષ્ટિ હતી, વ્યક્તિને પરિવર્તીત કરવાની શક્તિ પણ હતી. તેનાં પરિણામે કસ્તુરબા અને મણીલાલે અને બીજા અનેકે પોતાની વ્યક્તિગત પ્રાપ્તિ વિશે વિચારવા કરતાં પોતાનાં જીવન બાપુને સમર્પિત કરવાનું વધુ પસંદ કર્યું હતું.

જેમણે કસ્તૂરબાને જોયાં છે તેમને 'બા' શબ્દનો, માતૃત્વનો સાચો અર્થ સમજાયો છે. મને હંમેશાં એક પસ્તાવો રહ્યો કે હું બાને પૂરાં જાણી ન શક્યો. મેં છેલ્લે તેમને જોયાં ત્યારે હું પાંચ વરસનો હતો. ૧૯૩૯ની એ સાલ હતી. મારા પિતા મણીલાલે ત્યારે દક્ષિણ આફ્રિકામાં રહી બાપુએ ૧૮૭૩માં શરૂ કરેલા આંદોલનને આગળ ધપાવતાં અહિંસક માર્ગે સામાજિક અને રાજકીય પરિવર્તનોની દિશામાં કામ ઉપાડેલું હતું. દર ચાર વર્ષે એકવાર તેઓ ભારત આવીને પરિવારને મળતા. દાદા-દાદીનું હૂંફભર્યું, સતત વરસતું હેત મારી બાલ્યવયની સ્મૃતિઓનું ધન છે.

બા પ્રત્યેના પ્રેમ ઉપરાંત બીજી એક વાતે પણ મને બા વિશે જાણવા પ્રેર્યો. તે એ કે બાને જે થોડા લોકો ઓળખે છે તે સિવાય બાકીના મોટા ભાગના લોકો એવું માને છે કે બા એક અલ્પશિક્ષિત, સાધારણ અને સુશીલ સન્નારી હતાં. પતિને અનુસરતા, પણ પતિ જે વિરાટ કાર્યો કરતા તેના વિશે ભાગ્યે જ કંઈ સમજતા.

હું આવું માનવા તૈયાર ન હતો. મારા અને મારાં માતાપિતાના અનુભવો જુદું કહેતા હતા. બાએ ઔપચિરાકિ શિક્ષણ ખૂબ ઓછું લીધું હોવા છતાં તેઓ અજ્ઞાન કે અલ્પમતી ન હતાં. ઈતિહાસ મારાં દાદીને અવગણે તે હું સાંખી ન શકું. ઘણી જહેમતોને અન્તે અમે એ નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ કે ભારતના સ્વાતંત્ર્યસંગ્રામમાં બાની એક અગત્યની ભૂમિકા હતી. બાપુને મહાત્મા બનાવવામાં તેમનો મોટો ફાળો હતો. બાનું સમર્પણ, તેમની પોતાની એ પ્રતીતિને લીધે પણ હતું કે આ જ રસ્તો સાચો છે. ગુલામી કે અંધ અનુકરણ કદી બાના સ્વભાવમાં ન હતું.

'સત્યના પ્રયોગો'માં બાપુએ લખ્યું છે કે અહિંસાની મૂળભૂત તાલીમ તેઓ બા પાસેથી પામ્યા છે. બા નિષ્ક્રિય ન હતાં, આક્રમક પણ ન હતાં. તેમને જે સાચું લાગતું, યોગ્ય લાગતું, તે મક્કમતાથી કરતાં. પતિની કોઈ વાત ગળે ન ઉતરે ત્યારે બા દલિલો ન કરતાં, પણ શાંતિથી, મક્કમતાથી તેને યોગ્ય માર્ગે વાળતાં, સત્ય તરફ પ્રેરતાં, અહિંસાનાં તત્ત્વજ્ઞાનનો આ જ અર્ક છે તેમ બાપુ હંમેશાં કહેતા.

પણ બા વિશે જાણવાનું બહુ જ મુશ્કેલ હતું. તેમણએ પોતે કશું લખ્યું નથી અને તેમના જીવનના સંદર્ભો ખોવાઈ ગયા છે. પોરબંદરમાં પૂરમાં તમામ દસ્તાવેજી પુરાવાઓ ધોવાઈ ગયા છે. (ક્રમશઃ)



સૌજન્ય : અરુણ ગાંધી લિખિત 'બા : મહાત્માનાં અર્ધાંગિની'

## શ્રી જે બી પ્રાથમિક શાળામાં વૈદિક ગણિતની પરીક્ષા યોજવામાં આવી

ગાંધીનગર, તા. ૨૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં ઈન્ટરનેશનલ મેથ્સ ડે નિમિત્તે વૈદિક ગણિતની લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ ગણિતના દાખલા સરળતાથી ઉકેલી શકે અનો ગણવામાં ઝડપ વધારી ગણિતનું વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરે અનો કેલ્કયુલેટરના ઉપયોગ વિના ગણતરી કરી શકે તે હેતુસર યોજાયેલી આ પરીક્ષામાં શાળાના ૧૨૫૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહ-પૂર્વક ભાગ લીધો હતો અને સંતોષકારક પરિણામ મેળવ્યું હતું.

આચાર્ય નીવાબેન પટેલે આ નવિન ઉપક્રમમાં હિસ્સો લેવા બદલ સૌ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# ગૂજરાત વિદ્યાપીઠ આંતરવિશ્વવિદ્યાલય યુવક મહોત્સવમાં ઝળકી






આંતરવિશ્વવિદ્યાલય યુવક મહોત્સવ (પશ્ચિમ વિભાગ) ૧૯ થી ૨૩ ડિસેમ્બર દરમ્યાન સાવિત્રી બાઈ ફૂલે યુનિવર્સિટી, પૂના ખાતે યોજાયો હતો. આ યુવક મહોત્સવમાં ગુજરાત વિદ્યાપીઠના ૩૨ વિદ્યાર્થીઓની ટીમે જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. યુવક મહોત્સવમાં યોજાયેલી કલા યાત્રામાં ૩૨ યુનિવર્સિટીઓ વચ્ચે ગુજરાત વિદ્યાપીઠે બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. કલાયાત્રામાં ગાંધીઃ૧૫૦ અંતર્ગત વિવિધ ચાર્ટ દ્વારા પ્રદર્શન રજૂ કરવામાં આવ્યું હતું. ઉપરાંત આદિવાસી નૃત્યની રજૂઆત કરવામાં આવી હતી. આ મહોત્સવમાં મિલન ભટ્ટ અને વિક્રમસિંહ અમરાવત જોડાયા હતા. સમગ્ર ટીમનું નેતૃત્વ ધ્વનિલ પારેખે કર્યું હતું.

# મહાત્મા ગાંધી વિદ્યામંદિરની વિદ્યાર્થિની લોક સંગીતની સ્પર્ધામાં વિજેતા બની



મહાત્મા ગાંધી વિદ્યામંદિર સે.૧૬ ની દિવ્યાંગ વિદ્યાર્થીની 'માયા ભાગોરા'એ લોક સંગીત સ્પર્ધામાં તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

### હિન્દી ફિલ્મોના પાર્શ્વગાયક મહંમદ રફીની ૯૪મી જન્મજયંતિ નિમિત્તે

# શ્રી મનોરંજન મ્યુઝીકલ સ્ટુડિયો દ્વારા નવા-જૂના ગાયકો માટે કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨૯

શ્રી મનોરંજન મ્યુઝીકલ સ્ટુડિયો, કુડાસણ દ્વારા હિન્દી ફિલ્મોના પાર્શ્વગાયક મહંમદ રફીની ૯૪મી જન્મજયંતિ નિમિત્તે સ્ટેજ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કરાઓકે કલબ 'મેરી આવાઝ સુનો' અંતર્ગત 'દિલને ફિર યાદ કિયા' શિર્ષક તળે ગાંધીનગરના અનુભવી-બિન અનુભવી ગાયકો માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. આંબેડકર હૉલ, સૅક્ટર-૧૨ ખાતે યોજાયેલા આ કાર્યક્રમના જજ તરીકે હારિત દવે, હરેશ ભટ્ટ અનો કિરીટ અગ્રાવત ઉપસ્થિત રહ્યા હતા, જેમના હસ્તે વિજેતાઓને ટ્રૉફી અને સર્ટિફીકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં.

હસમુખ મૅકવાન, મહેન્દ્રભાઈ ભાવસાર, જગદીશ નાયક, સંજય તન્ના, ભરત ગજ્જર, જ્યોતિ ગજ્જર, જનકબા અજિતસિંહ પરમાર આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના આયોજક આર કે રાવળના ગુરુ કેશવગિરી ગોસ્વામીનું આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું રસપ્રદ સંચાલન બિજોય તિવારી દ્વારા કરવામાં આવ્યું હતું.

# જેએમપી ગોપાલક વિદ્યા સંકુલમાં વાર્ષિક રમતોત્સવ







જેએમપી ગોપાલક વિદ્યા સંકુલ ખાતે વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ દોડ, રસ્સાખેંચ, ખોખો, સંગીત ખુરશી, લીંબુ ચમચી, દોરડાકૂદ, ત્રિપગી દોડ, બૉલ બૅલેન્સિંગ, ગોળાફેંક, સૉય-દોરો, કોથળા દોડ, કબડ્ડી જેવી રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

પ્રથમ ત્રણ વિજેતાક્રમ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

આ પ્રસંગે આયોજિત સમારોહના અતિથિ તરીકે ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના ઍજ્યુકેશન ઈન્સ્પૅક્ટર હિમાંશુભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે ગોપાલક કન્યા કેળવણી મંડળના મંત્રી લલ્લુભાઈ દેસાઈ, સહમંત્રી રમેશભાઈ દેસાઈ, ખેલ મહાકુંભના પ્રમુખ લાભુભાઈ દેસાઈ, સંસ્થાના સંચાલક જગતભાઈ, મહેન્દ્રભાઈ અને પ્રકાશભાઈ ઉપસ્થિત રહ્યા હતા.




મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજાના વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય સેવા યોજના શિબિર રૂપાલ ગામ ખાતે યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગ્રામસફાઈ, લોકસંપર્ક, લોકજાગૃતિ ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા ઉપક્રમોનું આયોજન શિબિર અંતર્ગત કર્યું હતું. ગ્રામજનો દ્વારા પણ તેમને ઉત્સાહી સહકાર પૂરો પાડવામાં આવ્યો હતો, જે બદલ સંસ્થા વતી ગ્રામ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

# સંસ્કાર ગૃપ દ્વારા આજે જૂની કહેવાતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૯

બાળકોની પ્રવૃત્તિમાં રત સંસ્કાર ગૃપ દ્વારા નિયમિત મળતી બેઠક અંતર્ગત રવિવારે જૂની કહેવતોના વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં ગૃપના પ્રમુખ તુષાર દવેએ જણાવ્યું છે કે સૅક્ટર-૭ના જાહેર ઉદ્યાન ખાતે સવારે ૯થી ૧૦ દરમિયાન નિયમિત બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જૂની કહેવતો, સુભાષિતો અનો સુવાક્યો ઉપરાંત વાર્તા બનાવવાની અને કહેવાની કળા બાળકોનો શીખવવામાં આવશે.

ઉપરાંત આ નિયમિત બેઠક અંતર્ગત શિયાળુ પાક પણ બાળકોને ભેઠ ધરવામાં આવશે. સંસ્થાના સભ્ય ઉપરાંત રસ ધરાવતાં અન્ય બાળકોનો પણ આ કાર્યક્રમનો લાભ લેવા માટે તેમણે સંસ્થા વતી આમંત્રણ પાઠવ્યું છે.